Samuel

સફાઈ કામદારોના પુનઃસ્થાપન માટે
ની "પંડિત દિનદયાળ ઉપાધ્યાય
અંત્યોદય સ્વચ્છતા બજાર યોજના"

**ગુજરાત સરકાર**
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક : એમઆઈએસ/૧૦૨૦૦૦/૩૧૬/ગ
સરદાર ભવન, ગાંધીનગર
તારીખ : ૧૪ જુલાઈ, ૨૦૦૦

પ્રસ્તાવના :

ગુજરાત રાજયમાં અંદાજે ૬૪૦૦૦ સફાઈ કામદારો પૈકી ૩૩૦૦૦ સફાઈ કામદારો અને ૩૧૦૦૦ તેમના આશ્રિતો છે અને તે પૈકી અંદાજે ૭૫૦૦ સફાઈ કામદારોનું વૈકલ્પિક રોજગારી આપી પુનઃ સ્થાપન કરવામાં આવેલ છે. આયોજન પંચે રચેલ કાર્ય વિશેષ દળના અભ્યાસ મુજબ શહેરી વસ્તીના ૩૩% લોકો ગટર વ્યવસ્થા સાથે જોડાયેલા પાણીથી સાફ કરવાના શોચાલયો વાપરે છે. ૩૩% ડબા – જાજરૂ અને નિર્જળ જાજરૂ ધરાવે છે. બાકીના ૩૩% ને પોતાના ઘરોમાં જાજરૂની સગવડ નથી અને શહેરી વિસ્તારોમાં પણ તેઓ ખૂલ્લી ગટરો અને જગ્યાઓમાં મળત્યાગ કરે છે. સફાઈ કામગીરી અંગે આયોજન પંચના અહેવાલ મુજબ (૧૯૯૦–૯૧) ૭૬.૪ લાખ ડબા જાજરૂ અને નિર્જળ જાજરૂ છે. આ પૈકી ૫૪.૨ લાખ શહેરી વિસ્તારોમાં અને ૨૨.૨૦ લાખ ગ્રામીણ વિસ્તારોમાં છે. આમ અપૂરતી સ્વચ્છતાથી માણસોના આરોગ્ય ઉપર પણ હાનિકારક અસર પડે છે. વધુમાં અસ્વચ્છ પરિસ્થિતિ સાથે સંકળાયેલા લોકોની સારવાર પાછળ દર વરસે રૂ. ૧૦,૦૦૦ કરોડ જેટલો ખર્ચ થાય છે. દેશમાં પાંચ વર્ષથી ઓછી વયના અંદાજે સાત લાખ બાળકો દર વરસે મૃત્યુ પામે છે. આ સમગ્ર પરિસ્થિતિ ઉભી થવાનું મુખ્ય કારણ ગંદી પરિસ્થિતિની અસર છે. આ હકીકતને ધ્યાનમાં લેતાં સ્વચ્છતા લાયક પરિસ્થિતિની સુધારણા રાષ્ટ્ર માટે એક મહત્વપૂર્ણ સામાજિક અને આર્થિક જરૂરીયાત બની રહે છે. અત્યાર સુધી અમલમાં મુકાયેલ સફાઈ કામદારોના પુનઃસ્થાપન માટેની યોજનાઓને મર્યાદિત સફળતા સાંપડી છે. જેના મુખ્ય કારણો નીચે મુજબ છે.

૧) પુનઃ સ્થાપિત કરી શકાય તેવી વૈકલ્પિક યોજનાઓ શોધવામાં મુશ્કેલી.

૨) સફાઈ કામદારોમાં ઝડપથી અન્ય નવા વ્યવસાયમાં ખસેડી શકાય તેવી કુશળતાઓનો અભાવ.

૩) નિર્જળ જાજરૂનો ઉપયોગ કરતા લોકોને પાણી વાપરવાના જાજરૂમાં રૂપાંતર કરવાની અનિચ્છા.

૪) યોગ્ય માહિતી, શિક્ષણ અને પ્રચારનો અભાવ.

સફાઈ કામદારો કે જેઓ માથે મેલુ ઉપાડવાની અમાનવીય કામગીરીમાં રોકાયેલ છે તેમને સેનેટરી માર્ટની યોજનાના અમલ દ્વારા સ્વચ્છતા વિષયક પરિસ્થિતિમાં સુધારણા લાવી આવી અમાનવીય પ્રવૃત્તિમાંથી મુકત કરાવી વૈકલ્પિક રોજગારીની નવી તકો પૂરી પાડી પુનઃ સ્થાપન કરવા ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયે એક પુરસ્કૃત યોજનાનો અમલ દેશના તમામ રાજ્યો અને સંઘ પ્રદેશોમાં કરવા માર્ગદર્શિકા બહાર પાડેલ છે. આ યોજનાનો અમલ ગુજરાત રાજ્યમાં કરવાની દરખાસ્ત કેટલાક સમયથી રાજ્ય સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. આ બાબતમાં પુખ્ત વિચારણાને અંતે ભારત સરકારની માર્ગદર્શિકાને ધ્યાને લઈ રાજ્યમાં નીચે મુજબની સ્વચ્છતા બજારો (સેનીટરી માર્ટ) ઉભા કરવાની યોજનાનો તાત્કાલિક અસરથી અમલ કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

ઠરાવ :

૧. યોજનાનું નામ :

આ યોજના ''પંડિત દિનદયાળ ઉપાધ્યાય અંત્યોદય સ્વચ્છતા બજાર યોજનાના નામે ઓળખાશે.

૨. યોજનાનો સમયગાળો :

આ યોજનાનો અમલ આ ઠરાવ બહાર પાડયાની તારીખથી સતત ચાલુ રહેશે.

૩. યોજના માટેના પાત્ર વિસ્તારો :

પ્રથમ તબકકામાં ૨૦૦૦૦ થી વધારે વસ્તીવાળી નગર પંચાયતો, નગરપાલીકાઓ તથાં મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારો.

બીજા તબકકામાં ગ્રામ્ય વિસ્તાર અને સેનીટરી માર્ટ પોષણક્ષમ બને તેવા વિસ્તારો.

૪. યોજનાનો ઉદ્દેશ :

સફાઈ કામદારોને અસ્વચ્છ વ્યવસાયમાંથી ઉત્તરોત્તર મુકત કરી તેમનું પુનઃ સ્થાપન કરવા માટે તેમની મંડળીઓ મારફત સ્વચ્છતા બજારો (સેનીટરી માર્ટ) ઉભા કરી માહિતી /શિક્ષણ અને પ્રસાર દ્વારા પાણીબંધ જાજરૂની માંગ ઉભી કરીને સંતોષીને સ્વચ્છતા વિષયક પરિસ્થિતિમાં સુધારણા લાવવાની સાથે સ્વચ્છતા વિષયક સાધન સામગ્રીનું ઉત્પાદન અને વેચાણ કરવાની પ્રવૃત્તિઓ દ્વારા વૈકલ્પિક રોજગારી આપી તેમનું પુનઃ સ્થાપન કરવાનો આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે.

૫. સ્વચ્છતા બજારના હેતુઓ – કામગીરી :

૧) સ્વચ્છતા બજાર શોપીગ સ્થળ – દુકાન – સેવા કેન્દ્ર તરીકે કામગીરી કરશે, જયાંથી સામાન્ય માણસની સ્વચ્છતાલક્ષી જરૂરીયાતો સંતોષી શકાશે. જેમાં જાજરૂના બાંધકામ માટે જરૂરી તમામ માલસામાન, સાબુ, સફાઈબ્રશ, બ્લિચીંગ પાવડર, ફિનાઈલ, જેવી શૌચાલય માટેની વસ્તુઓ પુરી પાડશે. સ્વચ્છતા બજારમાં સ્ટોક કરવાની વસ્તુઓની સૂચિત યાદી એનેક્ષર – ૧ માં દર્શાવેલ છે.

૨) લાભાર્થી ઈચ્છે તેવા પ્રકારના જાજરૂ નું બાંધકામ કરવું.

૩) લાભાર્થીના સ્થળની સાથે તેની નાણાંકીય ક્ષમતા સાથે સૌથી અનુકૂળ આવે તેવા પ્રકારના જાજરૂ બાંધવા અંગે સલાહ આપવી.

૪) ઉત્પાદક કેન્દ્ર પોષણક્ષમ (Viable) બનવાની ખાતરી થતી હોય ત્યાં જાજરૂનું પાત્ર , ટ્રેપ જેવા સાધન સામગ્રીના ઉત્પાદન કરવા.

૫) ભૌગોલિક રીતે નિશ્ચિત વિસ્તારમાં કામ કરવું.

૬) સ્થાનિક સંસ્થા ના એકંદર માર્ગદર્શન અને ગાઢ સહકાર હેઠળ કામ કરવું.

૭) લાભાર્થીઓને ઘરના આંગણા સુધી સ્વચ્છતાલક્ષી જરૂરીયાતો પહોંચે તેવી પુરવઠા સાંકળ ઉભી કરવી.

૮) નવા જાજરૂ બાંધવા માટે સહાય કરવી તથા હયાત જાજરૂની કક્ષા ઉંચી લઈ જવા સગવડો પુરી પાડવી.

૯) ઉચ્ચક કામનો કરાર કરવો નહિં અને સફાઈ કામદારો માટે કામની જોગવાઈ કરવી.

૧૦) નગરપાલિકાના જે વિસ્તારોમાં સેપ્ટીક ટેન્ક હોય ત્યાં મુકરર કરેલ સફાઈ કામદારોને સેપ્ટીક ટેન્ક સાફ કરવા માટે શોષ સાધનો સાથેની બુલેટ ટ્રક ચલાવવાની તાલીમ આપવી. સફાઈ કામદારો ન હોય અને સેપ્ટીક ટેન્કની સફાઈ કરવાની થતી હોય તેવા નજદીકના વિસ્તારોમાં પણ આ સફાઈ કામદારોને કામે રાખી શકાય પરંતુ તેઓ પણ બજાર તંત્રની દેખરેખ હેઠળ કામ કરશે. પસંદ કરેલા સફાઈ કામદારોને કલીનર સંચાલન અંગેની તાલીમ પુરી પાડવી.

૧૧) જાજરુનું બાંધકામ તથા નિર્જળ જાજરૂનું પાણીબંધ જાજરૂમાં રૂપાંતર કરવાની કામગીરીમાં કેન્દ્ર સરકારની એજન્સીઓ, ગ્રામ વિકાસ એજન્સી, સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરેનો સહકાર મેળવવો.

૧૨) પ્રથમ વર્ષમાં દર મહિને વિવિધ પ્રકારના ઓછામાં ઓછા ૧૧૦ જાજરૂ બાંધવા. અથવા દર વર્ષે ૧૩૨૦ જાજરૂ બાંધવા. ૧૧૦ જાજરૂ બાંધવા માટે લગભગ ૪૯ સફાઈ કામદારોને ઉત્પાદક કામગીરી માટે રાખી શકાય. (એનેક્ષર – ૨). સફાઈ કામદારોની કમાણીની શકિતની ગણતરી એનેક્ષર – ૩ માં દર્શાવેલ છે.

૬. ઉત્પાદન કેન્દ્ર સિવાય સ્વચ્છતા બજાર ચલાવવા કર્મચારી વર્ગની સંખ્યા :

૧) સંકલનકર્તા – ૧
૨) બજાર વ્યવસ્થાપક – ૧
૩) ક્ષેત્ર અન્વેક્ષક – ૧
૪) અંશકાલીન હિસાબનીશ – ૧

લાભાર્થી એકમમાંથી આ કર્મચારી લેવામાં આવશે જે સફાઈ કામદારો હશે. આ જગ્યા પર નિયુકિત કરવા માટે સફાઈ કર્મચારીમાંથી લાયકાત ધરાવતા ઉમેદવાર ન મળે તો અનુ. જાતિમાંથી લેવા.

## ૭. સેનીટરી માર્ટ યોજના (સ્વચ્છતા બજાર) ના લાભ લેનાર યુનિટનું માળખું.

આ યોજનાનો લાભ લેનાર લાભાર્થીઓ પાસે સહકારી મંડળી જેવી કાનુની દરજ્જો ધરાવતી સંસ્થા હોવી જોઈએ. જેમાં લઘુત્તમ ૨૫ લાભાર્થીઓ (સભ્યો) હોવા જરૂરી છે. જે સફાઈ કામદાર હોવા જોઈશે. વ્યકિતગત ધોરણે સેનેટરી માર્ટની યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહિં.

## ૮. લક્ષ્યાંક

| | | | |
|---|---|---|---|
| ૧) | પ્રથમ તબકકે | ૧૨૮૪ | સ્વચ્છતા બજારો |
| ૨) | બીજા તબકકે | ૧૨૮૪ | સ્વચ્છતા બજારો |
| | કુલ | ૨૫૬૮ | સ્વચ્છતા બજારો (એનેક્ષર – ૮ મુજબ) |

## ૯. સ્વચ્છતા બજાર માટે કેન્દ્ર સરકારની અને રાજય સરકારની સહાય.

૧) પરિયોજના ખર્ચ માટે

લઘુત્તમ ૨૫ લાભાર્થીઓની મર્યાદામાં સહકારી મંડળીને એક સેનીટરી માર્ટ દીઠ મહત્તમ રૂા. ૫ લાખની લોન સહાય નીચે મુજબ મળવાપાત્ર થશે.

| | | |
|---|---|---|
| ૫૦% સહાયકી (ભારત સરકાર તરફથી) | રૂા. | ૨,૫૦,૦૦૦/– |
| ૩૫% લોન (એન.એસ.કે.એફ.ડી.સી. તરફથી) | રૂા. | ૧,૭૫,૦૦૦/– |
| ૧૫% સીમાન્ત નાણા (માર્જીન મની) (૪૯% કેન્દ્ર સરકારનો ફાળો અને ૫૧% રાજય સરકારનો ફાળો) | રૂા. | ૭૫૦૦૦/– |
| | કુલ રૂા. | ૫,૦૦,૦૦૦/– |

૨) તાલીમાર્થી દીઠ માસિક રૂા. ૫૦૦ ની કેન્દ્ર સરકારની ૧૦૦% સહાય

૩) સફાઈ કામદારોને તાલીમ આપનાર સંસ્થાને તાલીમાર્થી દીઠ માસિક રૂા. ૮૦૦ ની કેન્દ્ર સરકારની સહાય.

૧૦. કેન્દ્ર સરકારના અન્ય પ્રોત્સાહનો

૧) જાજરૂ દીઠ રૂા. ૨૦ સહાય.

૨) સ્થાનિક સંસ્થાઓના અધિકારીઓ, ગ્રામ સ્ટાફ, સ્થાનિક સંસ્થાના આરોગ્ય કાર્યકરો આ લાભ માટે હકદાર બનશે.

૩) સ્વચ્છતા બજારમાં કામ કરતા સફાઈ કામદારો પણ પ્રોત્સાહકો તરીકે એમ બેવડી કામગીરી બજાવી શકશે. અને આ પ્રોત્સાહનો માટે હકકદાર બની શકશે.

૪) સૌથી વધુ સંખ્યામાં જાજરૂ પુરસ્કૃત કરનાર અને બાંધનારને વર્ષમાં એક વખત ટ્રોફી આપવામાં આવશે.

૫) સૌથી વધુ સંખ્યામાં જાજરૂ પુરસ્કૃત કરનાર સ્થાનિક સંસ્થાના વહીવટી વડા, જેમના વિસ્તારોમાં અધિકત્તમ જાજરૂ બંધાયા હોય તેવા બે આરોગ્ય નિરીક્ષકો અને સૌથી ઉત્તમ કામગીરી બજાવનાર બજાર વ્યવસ્થાપક તથા પાંચ બજારોના ક્ષેત્ર નિરીક્ષકોને રાજય સરકારના ખર્ચે પોતાની પસંદગીના કોઈપણ એક રાજયની મફત મુલાકાત લેવાની છુટ અપાશે.

૬) જે શહેર / જિલ્લો સ્વચ્છતા બજારો મારફત અધિકતમ સંખ્યામાં જાજરૂનું બાંધકામ હાથ ધરે તેને કેન્દ્રીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય તરફથી રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ આપવામાં આવશે.

૭) દર વર્ષે અધિકતમ સંખ્યામાં જાજરૂ બાંધનાર બજારને કચેરીનું મકાન બાંધવા રૂા. ૧,૫૦,૦૦૦/– નું અનુદાન અપાશે.

૮) એક વખત બજાર નફો કરે એટલે લાભાર્થી સભ્યો ભાગે પડતા ધોરણે તેનો હિસ્સો મેળવશે.

૯) વધારે જાજરૂ બાંધવાનું કામ કરવા માટે સફાઈ કામદારોને તથા મેલુ ખસેડનાર તરીકે જેમનું કામ કરે છે તેવા પરિવારોને વધુ આરોગ્યપ્રદ પ્રથા અપનાવવા માટે સમજાવવા પ્રોત્સાહન આપવા એક પ્રવર્તક તરીકે કામ કરશે.

૧૧. સ્વચ્છતા બજારને વાણિજ્યિક અને પોષણક્ષમ (Viable) બનાવવા માટેના પગલાં.

1. વોર્ડ / વિસ્તારમાં શકય તેટલા વધારે જાજરૂ બનાવવા દરેક બજારે વર્ષમાં ઓછામાં ઓછા ૧૩૨૦ જાજરૂ બાંધવા જોઈએ.
2. જિલ્લાની તમામ સરકારી હોસ્પીટલો તેમની જરૂરિયાતો માટે વાર્ષિક રૂા. ૧,૫૦,૦૦૦/– સુધી ની કિંમતની સ્વચ્છતા વિષયક સામગ્રી સ્વચ્છતા બજાર પાસેથી ખરીદવી ફરજીયાત રહેશે.
3. મ્યુનિસિપલ કોર્પોરેશન તથા નગરપાલીકાઓએ પણ પોતાની સ્વચ્છતા વિષયક જરૂરિયાતો માટે રૂા. ૨,૦૦,૦૦૦/– (બે લાખ) અથવા ૫૦% આ બેમાંથી વધુ હોય એટલી કિંમતની જરૂરીયાતો સ્વચ્છતા બજારમાંથી ખરીદ કરવી ફરજીયાત રહેશે. (બજેટની સધ્ધરતા માટેના પગલા એનેક્ષર – ૧૦ માં દર્શાવેલ છે.)

૧૨. રાજય સરકારની જવાબદારી.

સેનીટરી માર્ટની આર્થિક સધ્ધરતા વધારવા રાજય સરકારે ગુજરાત રાજયમાં આવેલી કેન્દ્ર તથા રાજય સરકારની સરકારી અને અર્ધ સરકારી કચેરીઓ, હોસ્પીટલો, સરકારી સાહસો અને સંસ્થાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનો, નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયતો જેવી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓએ સાવરણીઓ, બ્લીચીંગ પાઉડર, ફિનાઈલ વગેરે સ્વચ્છતા વિષયક સામાન ફકરા – ૧૧ માં જણાવેલ મર્યાદાઓ મુજબ સેનીટરી માર્ટમાંથી જ ખરીદવાના રહેશે તેવા નિર્દિષ્ટ હુકમો બહાર પાડવાના રહેશે. (માર્ટમાં આ બધો માલસામાન રાખવો અને સુનિશ્ચિત કરવું કે આ સામગ્રી સંતોષપ્રદ ગુણવત્તાવાળી છે.)

૧૩. સફાઈ કામદારો માટે તાલીમ, માહિતી, શિક્ષણ અને પ્રસાર

1. કડિયા અને સુથારી કામની તાલીમ માટેના કુશળ તાલીમ શિક્ષકો સ્વસ્થતા બજારમાં કડિયા અને સુથાર તરીકે કામ કરનાર પસંદગીના સફાઈ કામદારો માટે વર્કશોપનું આયોજન કરશે. આવો તાલીમ કાર્યક્રમ ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમ લી. મારફત યોજવામાં આવશે. સફાઈ કામદારના બે શિક્ષકોને કુશળ શિક્ષકની તાલીમ માટે પશ્ચિમ

બંગાળની માન્ય સંસ્થામાં તાલીમ માટે મોકલી શકાશે. આ તાલીમ માટે સફાઈ કામદારોમાંથી યોગ્ય શિક્ષકો ન મળે તો અનુ. જાતિમાંથી લેવાના રહેશે. તાલીમ અને સહાયની યોજના માટે ઉપલબ્ધ ભંડોળમાંથી આ માટે ખર્ચ કરી શકાશે. (એનેક્ષર–૫)

૨) ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમે માહિતી, શિક્ષણ અને કાર્યક્રમ પ્રસાર અંગે બજાર અધિકારીઓ માટે જિલ્લાવાર તાલીમનો કાર્યક્રમ હાથ ધરવાનો રહેશે.

૩) આ તાલીમ કાર્યક્રમ દર બે મહિને ઓછામાં ઓછો એક વખત યોજવાનો રહેશે.

૪) તાલીમ કાર્યક્રમ દરમ્યાન હાથ ધરવામાં આવેલ માહિતી, શિક્ષણ અને પ્રસારની પ્રવૃત્તિઓના અંગભૂત ભાગોની અસરકારકતા સુધારવાની દ્રષ્ટિએ ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમ તેનું પૃથ્થકરણ કરશે.

## ૧૪. યોજનાના અમલ માટેની નોડલ એજન્સીઓ દ્વારા તૈયાર કરવાનો એકશન પ્લાન

૧) જિલ્લા કલેકટરો, જિલ્લા વિકાસ અધિકારીઓ અને સ્થાનિક સંસ્થાઓએ આ યોજનાને મૂર્તિમંત કરવામાટે તેને રાષ્ટ્રીય ઉદેશ તરીકે સ્વિકારી આ ઉદેશની પરિપૂર્તિ માટે પુરતો સમય ફાળવવો અને પ્રયત્ન કરવા.

૨) રાજયમાં હાથવડે સફાઈની કામગીરી પ્રવર્તમાન હોય તેવા નગરપંચાયત, નગરપાલીકાઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશન ના વોર્ડ એક પખવાડિયામાં મુકરર કરવા.

૩) મ્યુનિસિપલ કોર્પોરેશન, જિલ્લા કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારીઓએ અન્ય સ્થાનિક સંસ્થાઓની સહાયથી તેમના વિસ્તારમાં કામમાં આવે તેવા અને સારો એવો વિશ્વાસ ધરાવનાર બીન સરકારી સંસ્થાઓ / સ્વૈચ્છિક સંસ્થાઓ શકય હોય ત્યાં સુધી સફાઈ કામદારોમાંથી મુકરર કરવી. સ્વચ્છતા બજાર શરૂ કરનાર લાભાર્થી એકમ, તે ઉત્પાદન કેન્દ્ર પણ શરૂ કરવા માંગતું હોય તો તેને ૭૫૦૦ ચો. ફુટ જેટલી જમીન પ્રાપ્ત કરી આપવી. ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થા પાસે સ્વચ્છતા વિષયક માલસામાન પ્રદર્શિત કરવા દુકાન સ્થાપવા નગરની નજીક જમીન ફાળવવી. (એનેક્ષર – ૧૧)

૪) બિન સરકારી સંસ્થા / લાભાર્થી એકમ પાસે આવી કોઈ જમીન ન હોય તો મ્યુનિસીપલ કોર્પોરેશન, જિલ્લા કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી એ ઉત્પાદન કેન્દ્ર અને દુકાન માટે

જરૂરી જમીન માસિક રૂા. ૫૦૦ થી વધે નહિ તેટલા નામના (ટોકન) દરે ફાળવવી. એનેક્ષર – ૧૧)

૫) દરેક નગરને, વહીવટી સુગમતા સારૂ અંદાજે ૪૦,૦૦૦ કુટુંબોની વસ્તી ધરાવતા વોર્ડ કે અન્ય અસ્તિત્વસુચક પ્રકારમાં વિભાજીત કરવું.

૬) હાથવડે સફાઈની કામગીરી પ્રવર્તમાન હોય તેવા કોઈ નગરને છોડી ન દેવું.

૭) જયાં સ્વચ્છતા બજાર સ્થાપવાના થાય તેવા વોર્ડની યાદી તૈયાર થઈ જાય કે તુરતજ તેની સ્થાપના અંગે જરૂરી પગલાં લેવા. (એનેક્ષર – ૯)

૮) સ્વચ્છતા બજાર ઉભુ કરવા ઈચ્છતા સફાઈ કામદારોની ૨૫ થી ઓછી નહિ તેટલા લાભાર્થીઓની સહકારી મંડળી રચવા મદદગારી કરવી.

૯) મુકરર કરેલ સ્વૈચ્છિક સંસ્થાઓ મારફત પરિયોજનાનો અહેવાલ તેયાર કરાવવો.

૧૦) નોડલ એજન્સીઓએ સભ્યસચિવ મારફતે પોતાની ભલામણો સાથે અહેવાલ ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમને રજૂ કરવો અને તેની નકલ ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ, ગાંધીનગરને મોકલવી.

૧૧) ગુજ. અનુ. જાતિ વિકાસ નિગમ જરૂરી હોય ત્યાં નોડલ એજન્સીએ મોકલેલ અહેવાલમાં સુધારા કરીને અહેવાલ મંજૂર કરી નોડલ એજન્સીઓને પરત મોકલી આપશે.

**૧૫. યોજનાના અમલની કાર્યપધ્ધતિ :**

૧) ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમ આ યોજનાની અમલવારી માટે ચેનલાઈઝીગ એજન્સી તરીકે કામ કરશે.

૨) મ્યુનિસિપલ કોર્પોરેશનો, જિલ્લા કલેકટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓ નોડલ એજન્સી તરીકે કામ કરશે.

૩) નોડલ એજન્સીએ હાથવડે સફાઈની કામગીરી પ્રવર્તમાન હોય તેવા વોર્ડ, વિસ્તાર, ગ્રામ પંચાયત, નગરપંચાયત અને નગરપાલીકા મુકરર કરવાનાં રહેશે.

૪) નોડલ એજન્સીએ રાજ્યમાં અન્ય સ્થાનિક સંસ્થાઓની સહાયથી સ્વચ્છતા બજાર સ્થાપવા સફાઈ કામદારોની સ્વૈચ્છિક સંસ્થાઓ મુકરર કરવાની રહેશે. અને આવી સ્થાનિક સંસ્થા ન હોય તો આ વર્ગમાંથી સહકારી મંડળીઓ ઉભી કરવાની રહેશે. આ કામ માટે નોડલ એજન્સી સ્વૈચ્છિક સંસ્થાઓનો સહકાર મેળવી શકશે. તેમજ લાભાર્થી એકમો માટે સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી પરિયોજનાનો અહેવાલ તૈયાર કરાવી શકશે.

૫) મ્યુનિસિપલ કોર્પોરેશન, નગરપાલિકાઓ, નગર પંચાયતો તથા ગ્રામ પંચાયતો તેમજ જિલ્લા કલેકટરોએ સ્વચ્છતા બજાર ઉભા કરવા માટે આ સંસ્થાઓ પાસે જમીન ન હોય તો લઘુત્તમ ૭૫૦૦ ચો. ફુટ જેટલી જમીન નામના (ટોકન) દરે અગ્રિમતાના ધોરણે ફાળવવાની રહેશે.

૬) લાભાર્થી એકમોએ જે વિસ્તારની નોડલ એજન્સીઓ (મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર માટે ડેપ્યુટી મ્યુનિ. કમિશ્નરશ્રી (આરોગ્ય) શહેરી વિસ્તાર માટે જિલ્લા કલેકટર તથા ગ્રામ્ય વિસ્તારો માટે જિલ્લા વિકાસ અધિકારી) ને સંબોધીને અરજી કરીને જે તે સમિતિના સભ્ય સચિવને ત્રણ નકલમાં આપવાની રહેશે.

૭) સંબધિત સમિતિના સભ્ય સચિવ અરજીઓ સમિતિ સમક્ષ રજુ કરશે. સંબંધિત સમિતિ અરજીઓની ચકાસણી કરી ભલામણ સાથે ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ બ્લોક નં. ૩, જીવરાજમહેતા ભવન, ગાંધીનગરને મોકલશે અને બોર્ડ આ અરજીઓની ચકાસણી કરી ભલામણ સહ નાણાંકીય મંજૂરી માટે કારોબારી સમિતિને મોકલશે.

૮) કારોબારી સમિતિ દરખાસ્તોને મંજૂરી આપી મંજૂર કરવા પાત્ર ગ્રાન્ટ નોડલ એજન્સીઓના હવાલે મુકશે.

૯) નોડલ એજન્સીઓ લાભાર્થી મંડળીઓને સભ્ય–સચિવ મારફતે નાણાંકીય સહાયનું ચૂકવણું કરશે. આ ચૂકવણી એક કે એકથી વધુ હપ્તામાં કરવા અંગેનો નિર્ણય નોડલ એજન્સીઓએ લેવાનો રહેશે.

૧૦) આ સમગ્ર યોજના સ્વૈચ્છિક સંસ્થાઓ મારફતે અમલમાં મુકવાની રહેશે જે બદલ તેમના તરફથી કરવામાં આવનાર ખર્ચ સામે રાજય સરકારે ચૂકવવાની રકમનું ધોરણ હવે પછી નક્કી કરવામાં આવશે.

૧૬. આ યોજના માટેની સમિતિઓ :

આ યોજનાની અમલવારી અને પ્રગતિનું સઘન મોનીટરીંગ કરવા માટે નીચે મુજબની પાંચ સ્તરીય સમિતિઓની રચના કરવામાં આવે છે.

અ) મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તાર

| | | |
|---|---|---|
| ૧. | ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર (આરોગ્ય) | અધ્યક્ષ |
| ૨. | હેલ્થ ઓફિસરો | સભ્ય |
| ૩. | વોર્ડ હેલ્થ ઈન્સ્પેકટરો | સભ્ય |
| ૪. | સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ | સભ્ય |
| ૫. | સફાઈ કામદાર સમાજના ચુંટાયેલ મ્યુનિ. કોર્પોરેટરો | સભ્ય |
| ૬. | ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડના નિયુકત બોર્ડ સભ્ય | સભ્ય |
| ૭. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી | સભ્ય |
| ૮. | જિલ્લા મેનેજર, ગુજરાત અનુ. જાતિ. વિકાસ નિગમ | સભ્ય–સચિવ |

બ) જિલ્લા કક્ષાની સમિતિ (નગરપાલિકાઓ અને નગર પંચાયતો માટ)

| | | |
|---|---|---|
| ૧. | જિલ્લા કલેકટર | અધ્યક્ષ |
| ૨. | જિલ્લા આરોગ્ય અધિકારી | સભ્ય |
| ૩. | નગર પાલીકાઓના ચીફ ઓફિસરો | સભ્યો |
| ૪. | સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ | સભ્ય |
| ૫. | ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડના જિલ્લા નિયુકત સભ્ય | સભ્ય |
| ૬. | જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારી | સભ્ય |
| ૭. | જિલ્લા મેનેજર, ગુજ. અનુ. જાતિ વિકાસ નિગમ | સભ્ય–સચિવ |

ક)　જિલ્લા કક્ષાની સમિતિ (ગ્રામ્ય વિસ્તારો માટે) :

| | | |
|---|---|---|
| ૧. | જિલ્લા વિકાસ અધિકારી | અધ્યક્ષ |
| ૨. | જિલ્લા આરોગ્ય અધિકારી | સભ્ય |
| ૩. | ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડના જિલ્લાના નિયુકત સભ્ય | સભ્ય |
| ૪. | સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ | સભ્ય |
| ૫. | જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (પંચાયત) | સભ્ય |
| ૬. | ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમના જિલ્લા મેનેજર | સભ્ય–સચિવ |

ડ)　કારોબારી સમિતિ :

| | | |
|---|---|---|
| ૧. | મેનેજીંગ ડીરેકટર, ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમ | કન્વીનર |
| ૨. | નિયામક, અનુ. જાતિ કલ્યાણ | સભ્ય |
| ૩. | નાયબ સચિવ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| ૪. | નાયબ સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | સભ્ય |
| ૫. | નાણાંકીય સલાહકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| ૬. | સચિવ, ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ | સભ્ય |

ઈ)　રાજય કક્ષાની સમિતિ.

| | | |
|---|---|---|
| ૧. | મુખ્ય સચિવશ્રી | અધ્યક્ષ |
| ૨. | અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી/સચિવશ્રી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્ય |
| ૩. | અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી /સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | સભ્ય |
| ૪. | અધિક મુખ્ય સચિવશ્રી / અગ્રસચિવશ્રી /સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | સભ્ય |

| | | |
|---|---|---|
| ૫. | અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી /સચિવશ્રી (કુટીર ઉદ્યોગ) ઉદ્યોગ અને ખાણ વિભાગ | સભ્ય |
| ૬. | અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી શ્રમ અને રોજગાર વિભાગ | સભ્ય |
| ૭. | અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી /સચિવશ્રી શિક્ષણ વિભાગ | સભ્ય |
| ૮. | અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવ / સચિવશ્રી(ખર્ચ) નાણાં વિભાગ | સભ્ય |
| ૯. | અધિકમુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ (આયોજન) | સભ્ય |
| ૧૦. | ખાસ ફરજ પરના અધિકારી (સંસ્થાગત વિત્ત) નાણા વિભાગ | સભ્ય |
| ૧૧. | લીડ બેન્ક ઓફીસર, સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટિ, દેના બેન્ક આશ્રમ રોડ, અમદાવાદ | સભ્ય |
| ૧૨. | શ્રી નિતીન ગુર્જર, એમ. ૧/૫, આઝાદ એપાર્ટમેન્ટ, (વિભાગ–૧) આઝાદ સોસાયટી, પાસે, અમદાવાદ | સભ્ય |
| ૧૩. | શ્રી ઈશ્વરભાઈ પટેલ, આચાર્ય, સફાઈ વિદ્યાલય, ગાંધીઆશ્રમ, અમદાવાદ | સભ્ય |
| ૧૪. | મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમ | સભ્ય |
| ૧૫. | સચિવશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ ગાંધીનગર | સભ્ય–સચિવ |

૧૭. સમિતિઓની જવાબદારીઓ :

સ્થાનિક સંસ્થાની સમિતિઓની જવાબદારીઓ :

૧. મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં વોર્ડો તરફથી મળેલી પરિયોજનાઓ મંજુર કરવાની જવાબદારી મ્યુનિસિપલ કોર્પોરેશન સમિતિની રહેશે.

૨. દરેક મ્યુ. કોર્પોરેશનમાં એક ખાસ એકમ ઉભું કરવું. જેને સ્વચ્છતા એકમ કહેવામાં આવશે.

૩. બજારોના સંચાલન પર દેખરેખ રાખવી, માંગ ઉભી કરવામાં માર્ગદર્શન આપવું અને તેના સ્ટાફ તથા સ્વચ્છતા પરત્વે અગ્રતા આપવા માટે સક્રિય પણે લાભાર્થી મંડળીઓને પ્રોત્સાહિત કરવી.

૪. દરેક બજાર દ્વારા સિધ્ધ કરવાના વાર્ષિક અને માસિક લક્ષ્યાંકો કરવાં.

૫. ઉભા કરેલા સ્વચ્છતા બજારોના અધિકારીઓની દ્વિમાસિક બેઠકો યોજવી. અને દરેક બજાર માટે કરાયેલ લક્ષ્યાંકોની સિધ્ધિ અને પ્રગતિની સમિક્ષા કરવી.

૬. લાભાર્થી મંડળીઓની મળેલ દરખાસ્તો સભ્ય સચિવ સમિતિ સમક્ષ રજુ કરશે. નોડલ એજન્સીએ મંજુર કરેલ સ્વચ્છતા બજારોની દરખાસ્તો ભલામણ સાથે નાણાંકીય મંજુરી માટે ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડને મોકલવી.

૭. ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમ દ્વારા મંજુર કરેલ નાણાંનું લાભાર્થી એકમોને સભ્ય સચિવ મારફત ચુકવણું કરશે.

**જિલ્લા કક્ષાની સમિતિઓ**

૧. નગર પાલીકાઓ, નગર પંચાયતો અને ગ્રામ્ય વિસ્તાર પાસેથી મળેલી પરિયોજનાઓ મંજુર કરવાની જવાબદારી આ સમિતિઓની રહેશે.

૨. આ સમિતિઓની દ્વિ–માસિક બેઠકો મળશે અને જિલ્લાનો પ્રગતિ અહેવાલ ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમને મોકલી આપશે.

૩. સ્વચ્છતા બજારો દ્વારા હાંસલ કરાયેલી પ્રગતિની સમીક્ષા કરશે અને માહિતી, શિક્ષણ તથા પ્રસાર પર ખાસ ધ્યાન આપશે. તથા તેને વધુ અસરકારક બનાવવા યોગ્ય આદેશો બહાર પાડશે.

૪. જિલ્લા કલેકટરની અને જીલ્લા વિકાસ અધિકારીની કચેરીઓમાં એક ખાસ એકમ ઉભુ કરશે જેને સ્વચ્છતા એકમ કહેવામાં આવશે.

૫. લાભાર્થી મંડળીઓની મળેલ દરખાસ્તો સંબંધિત સમિતિના સભ્ય સચિવશ્રી તેમની સમિતિ સમક્ષ રજૂ કરશો. સમિતિએ મંજૂર કરેલ સ્વચ્છતા બજારોની

દરખાસ્તો ભલામણ સાથે નાણાંકીય મંજુરી માટે ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડને મોકલી આપશે.

૬. ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમ દ્વારા મંજૂર કરેલ નાણાંઓનું લાભાર્થી એકમોને સભ્ય સચિવશ્રી મારફત ચૂકવણું કરશે.

ડ) કારોબારી સમિતિ :

૧. જિલ્લા કક્ષાની સમિતિએ ભલામણ કરેલ સ્વચ્છતા બજારની દરખાસ્તોની નાણાંકીય મંજુરી આપવી અને મંજુર કરેલ નાણાં નોડલ એજન્સીઓના હવાલે મુકવા.

૨. સ્થાનિક સંસ્થાઓ અને જિલ્લાઓને ફાળવેલ લક્ષ્યાંકોની સિધ્ધિની સમીક્ષા કરી જરૂર જણાયે માર્ગદર્શન અને સૂચનો કરવા.

૩. નવા બજારો જયાં ખોલી શકાય તેવા વિસ્તારો મુકરર કરવા અને માહિતી, શિક્ષણ અને પ્રસારની કામગીરી હાથ ધરવી.

૪. સમિતિની બેઠક દર ચારમાસે મળશે અને પ્રગતિની સમીક્ષા કરી સમગ્ર રાજયની પ્રગતિનો અહેવાલ રાજય કક્ષાની સમિતિ સમક્ષ રજુ કરશે.

ઈ) રાજય કક્ષાની ઉચ્ચ કક્ષાની સમિતિ :

૧. આ સમિતિ દર ત્રણ માસે મળશે.

૨. કારોબારી સમિતિ જે પ્રગતિ અહેવાલ રજુ કરે તેની સમીક્ષા કરશે.

૧૯) આ ઠરાવના ફકરા નં. ૯ અન્વયે ચુકવવાના માર્જીન મનીમાંના રાજય સરકારના ૫૧% ફાળા અંગેનો તથા ફકરા -૧૫ (૧૦) હેઠળનો ખર્ચ માંગણી નં. ૯૩, મુખ્ય સદર "૨૨૨૫ અનુ. જાતિઓ અનુ. જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, ૧૦૨ આર્થિક વિકાસ બી.સી.કે. ૪૩ – પછાત વર્ગોનું કલ્યાંણ (૯૦) સફાઈ કામદારો અને તેના આશ્રિતોના પુનઃસ્થાપન માટે નાણાંકીય સહાય" હેઠળ દર વરસે કરવામાં આવનાર જોગવાઈમાંથી મેળવવાનો રહેશે. ૫૦ ટકા સબસીડી તથા માર્જીન મનીના ૪૯% ફાળાનો ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવશે અને લોનની રકમ રાષ્ટ્રીય સફાઈ કામદાર નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હી તરફથી ચૂકવવામાં આવશે.

૨૦. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની અને ઉદ્યોગ અને ખાણ વિભાગની તા. ૫.૭.૨૦૦૦ ની નોંધથી મળેલ અનુમતિ રવાના કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

રમણ આર્ય
સરકારના નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

રવાના :
મા. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
મા. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
મા. મંત્રીશ્રી (સામાજીક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
વિરોધપક્ષના મા. નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
મા. નાયબ મંત્રીશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
સર્વ મા. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ / રાજકોટ
ઉદ્યોગ કમિશ્નર, ગુજરાત રાજય, ગાંધીનગર
વહીવટી સંચાલક, ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગર
સચિવશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ બોર્ડ, ગાંધીનગર
નિયામકશ્રી નગરપાલિકાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
સર્વ જિલ્લા વિકાસ અધિકારીઓ
સર્વ જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ, સ્થાનિક ભંડોળ હિસાબ
સર્વ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ
સર્વ નગરપાલિકાઓના મુખ્ય અધિકારીશ્રીઓ
સર્વ જિલ્લા પછાત કલ્યાણ અધિકારીશ્રીઓ
સર્વ જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત)
સર્વ જિલ્લા મેનેજરશ્રી, ગુજરાત અનુ. જાતિ વિકાસ નિગમ
સામાજિક ન્યાય અને અધિકારીના વિભાગ-૧ સર્વે શાખાઓ (ગ. શાખા સિવાય)
પસંદગી ફાઈલ